# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૫
# (તારીખઃ ૨૩/૧૨/૨૦૨૪, સોમવાર)
## કાર્યનોંધ

**એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૫, તારીખઃ ૨૩/૧૨/૨૦૨૪ને સોમવારના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ**

(૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
(૨) ડૉ. ભાઇલાલભાઇ પી. પટેલ (કુલસચિવશ્રી)
(૩) ડૉ. પિનાકીનીબેન ડી. પંડ્યા
(૪) ડૉ. જીગીશભાઇ એમ. પંડ્યા
(૫) ડૉ. એ. એચ. હાસમાણી
(૬) ડૉ. દિપ્તીબેન બી. શાહ
(૭) શ્રી નિશાંત વિક્રમભાઇ પટેલ

સભામાં સભ્યશ્રીઓની ગેર હાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

(૧) ડૉ. દર્શનભાઇ બી. ચોકસી(જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

### (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ **૨૧/૧૦/૨૦૨૪ને સોમવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૪**ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૧ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૧/૧૦/૨૦૨૪ને સોમવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૪ ની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ **૨૧/૧૦/૨૦૨૪ને સોમવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ ૪**માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લેવા બાબત. **(બિડાણઃ ૨)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૧/૧૦/૨૦૨૪ને સોમવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભાઃ ૪ માં પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીના અહેવાલની નોંધ લીધી.**

### (જનરલ વિભાગ)

૩. Information and Library Network Centre, Gandhinagar **અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ** Memorandum of Understanding (MOU) for Inflibnet Learning Management Service **ની નોંધ** લેવા બાબત. **(બિડાણઃ ૩)**

**આથી ઠરાવવામાં આવે છે કે Information and Library Network Centre, Gandhinagar અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU) for Inflibnet Learning Management Serviceની નોંધ લીધી.**

**(જનરલ વિભાગ)**

૪. Information and Library Network Centre, Gandhinagar **અને સરદાર પટેલ યુનિવર્સિટી,** વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)**ની** નોંધ લેવા બાબત.

**(બિડાણઃ ૪)**

**આથી ઠરાવવામાં આવે છે કે Information and Library Network Centre, Gandhinagar અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)ની નોંધ લીધી.**

**(જનરલ વિભાગ)**

૫. Samuel Hahnemann Academy for Homeopathy LLP, Anand Gujarat **અને સરદાર** પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)**ની** નોંધ લેવા બાબત. **(બિડાણઃ ૫)**

**આથી ઠરાવવામાં આવે છે કે Samuel Hahnemann Academy for Homeopathy LLP, Anand Gujarat અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)ની નોંધ લીધી.**

**(જનરલ વિભાગ)**

૬. Bhaikaka University, Gokalnagar, Karamsad, Gujarat **અને** સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)**ની** નોંધ લેવા બાબત.

**(બિડાણઃ૬)**

**આથી ઠરાવવામાં આવે છે કે Bhaikaka University, Gokalnagar, Karamsad, Gujarat અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU)ની નોંધ લીધી.**

**(આઇ.ક્યુ.એ.સી.વિભાગ)**

૭. સરદાર પટેલ યુનિવર્સિટીના ફાર્માસ્યુટીકલ સાયન્સ વિભાગ તથા યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં અધ્યાપકોની સીધી ભરતી તેમજ બઢતી માટે ફાર્માસ્યુટીકલ સાયન્સ વિષયને લગતી અધ્યાપકોની અરજીઓની ચકાસણીમાં લાયકાતના ધોરણો નકકી કરવા માટે તારીખઃ૧૯-૦૯-૨૦૨૪ના રોજ મળેલ સમિતિની સભાએ કરેલ ભલામણો અંગે ચર્ચા વિચારણા કરવા બાબત . **(બિડાણ :૭)**

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના ફાર્માસ્યુટીકલ સાયન્સ વિભાગ તથા યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોમાં અધ્યાપકોની સીધી ભરતી તેમજ બઢતી માટે ફાર્માસ્યુટીકલ સાયન્સ વિષયને લગતી અધ્યાપકોની અરજીઓની ચકાસણીમાં લાયકાતના ધોરણો નકકી કરવા માટે તારીખઃ૧૯-૦૯-૨૦૨૪ના રોજ મળેલ સમિતિની સભાએ કરેલ ભલામણો ગ્રાહ્ય રાખવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૮. યુનિવર્સિટીમાં નીચે જણાવેલ કર્મચારીના નામ સામે દર્શાવેલી તારીખે બે વર્ષનો અજમાયશી સમય પુરો કરતાં હોઇ તેઓને જે તે કાયમી જગા ઉપર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| અનુ. | નામ, હોદ્દો અને વિભાગ | બે વર્ષનો અજમાયશી સમય પૂરો થવાની તારીખ | CCC+ | ગુજરાતી /હિન્દી ભાષા પરીક્ષા |
|---|---|---|---|---|
| 1. | Dr. Vishal Dineshkumar Dhamecha<br>Technician (Chemistry)<br>P.G. Department of Chemistry | 01/01/2025 | Pass | **બાકી** |

(<u>નોંધ</u>:૧. ઉપરોકત કર્મચારીએ અજમાયશી સમય દરમ્યાન જે તે વિભાગમાં ફરજ બજાવેલ તે વિભાગના વડાશ્રી/આચાર્યશ્રીએ આપેલ સબંધિત કર્મચારીનો તે સમયગાળાનો ખાનગી અહેવાલ સભા સમક્ષ રજૂ કરવામાં આવશે.

૨. યુનિવર્સિટી હેન્ડબુક પાર્ટ ૨માં ઓર્ડિનન્સ-૯૫(૩)માં નીચે મુજબ કાયમ કરવા માટે ઠરાવેલ છે."All cases for Confirmation will ordinarily be placed before the Syndicate three months before the expiry of the Probationary period. One month's notice or salary in lieu thereof will be given to the employee if his service is terminated during the period of probation."

૩. ઉપરોક્ત કર્મચારીઓના નિમણૂંક પત્રમાં શરત ક્રમાંકઃ ૧૧ મુજબ સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે નવનિયુક્ત કર્મચારીએ રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ CCC/ CCC + અને લાગુ પડતી ભાષાની પરીક્ષા તેઓના અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવી જરૂરી છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત હાલ પુરતી મુલત્વી રાખવી.**

**(જનરલ વિભાગ)**

૯. તા. ૧૯-૧૧-૨૦૨૪ના રોજ કુલપતિશ્રી દ્વારા નિયુક્ત સર્ચ કમીટીએ સ્વ. પ્રોફેસર મનુભાઇ શાહ ચેરના ચેર પર્સનના નામની કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ૧. યુનિવર્સિટી ખાતે સ્વ. પ્રોફેસર મનુભાઇ શાહ ચેર સ્થપાએલ છે.
૨. ચેરપર્સનની નિમણૂંકનો સમયગાળો ત્રણ વર્ષનો રહેશે.
૩. ચેરપર્સન માનદ સેવા આપે છે.
૪. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત સર્ચ કમીટીની તા. ૧૯-૧૧-૨૦૨૪ના રોજ મળેલી સભાએ સદર ચેરના ચેરપર્સનની નિમણૂંક માટે નામની કરેલ ભલામણ બંધ કવરમાં સામેલ છે. જેને એક્ઝીક્યુટીવ કાઉન્સીલ સમક્ષ ખોલવામાં આવશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૯-૧૧-૨૦૨૪ના રોજ કુલપતિશ્રી દ્વારા નિયુક્ત સર્ચ કમીટીએ સ્વ. પ્રોફેસર મનુભાઇ શાહ ચેરના ચેર પર્સન તરીકે ડૉ. યજ્ઞેશ દલવાડી વડાશ્રી બિઝનેસ સ્ટડીઝ નું નામ સુચવવામાં આવેલ જે ભલામણ ગ્રાહ્ય રાખવામાં આવી.**

## (મહેકમ વિભાગ)

૧૦. રાજ્ય સરકારશ્રીએ **સને ૨૦૨૫** ના પંચાગી વર્ષ માટે જાહેર કરેલ તહેવારોની રજાઓના સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક વિભાગો, સંલગ્ન કોલેજો, એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ભાઇકાકા ગ્રંથાલય, મ્યુઝીયમ, યુસીક, કોમ્પ્યુટર સેન્ટર, આરોગ્ય કેન્દ્ર, યુનિવર્સિટી પ્રેસ માટે સૂચિત જાહેર તહેવારોની રજાઓ મંજૂર કરવા વિચારણા કરવા બાબત... **(બિડાણઃ ૮)**

નોંધ-ઃ

(૧) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે તારીખઃ૧૪/૧૧/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ ગસ/૨૬/૨૦૨૪/જસર/૨૦૨૪/૬૦૫/ઘઃ-થી વર્ષ ૨૦૨૫ની જાહેર તહેવારોની રજાઓનું જાહેરનામું ભાગ-૧ બહાર પાડેલ છે જે આ સાથે પરિશિષ્ટ-૧ થી સામેલ છે.

(૨) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે તારીખઃ૦૭-જૂન-૨૦૧૧ ના રોજ બહાર પાડેલ જાહેરનામું પણ આ સાથે સામેલ છે જેમાં દર્શાવ્યા મુજબ શૈક્ષણિક કર્મચારીઓને સત્રદીઠ વધુમાં વધુ છ (૦૬) જાહેર રજાઓ મળવાપાત્ર થાય છે.

(૩) આ સાથે દર વર્ષની જેમ સને ૨૦૨૫ની પંચાગી રજાઓ ફરજીયાત રજાઓ (ભાગ-૧) જાહેર કરવાની થાય. તથા ભાગ-૨ માં દર્શાવ્યા મુજબ ઓપ્શનલ હોલીડેનો પણ વર્ષ ૨૦૨૫થી અમલ કરવો કે કેમ તે બાબતે નિર્ણય લેવાનો થાય તેમ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રીએ સને ૨૦૨૫ ના પંચાગી વર્ષ માટે જાહેર કરેલ તહેવારોની રજાઓ મંજુર કરવામા આવી.**

## (એકેડેમિક વિભાગ)

૧૧. કા.આચાર્યશ્રી, એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશ ટ્રેનીંગ એન્ડ રિર્સચ, વલ્લભ વિદ્યાનગરના તારીખઃ૨૨/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃ 432 અને 433થી તેમની કોલેજમાં અંગ્રેજી વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા (1) Dr. Rohitkumar Pravinlal Bagthariya અને (2) Dr. Maunas Girishbhai Thaker એ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય અંગ્રેજી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરેલ છે, તેની નોંધ લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો |
|---|---|---|
| 1. | Dr. Rohitkumar Pravinlal Bagthariya<br>B.A. (English) October-2009 45.71 %<br>M.A. (English) June-2011 70.75 %<br>B.Ed. May- 2012 CGPA : 9.02<br>M.Ed. June-2013 CGPA : 8.21<br>**M. Phil. May-2015 CGPA : 6.80**<br>**Ph.D. (English) June-2018**<br>**Ph.D. (Education) January-2024**<br>**UGC's NET(Education) July-2019** | Assistant Professor in English |
| 2. | Dr. Maunas Girishbhai Thaker<br>B.A. (English) April-1994 59.44 %<br>M.A. (English) July-2018 72.13 %<br>B.Ed. June- 2000 79.63%<br>M.Ed. May- 2001 73.57%<br>**Ph.D. (Education) April-2011**<br>**UGC's NET(Education) April-2014** | Assistant Professor in English |

સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરે તેમના પત્રાંકઃ કવટ/એજી-૧/૨૦૨૪/10916-20 તથા પત્રાંકઃ કવટ/એજી-૧/૨૦૨૪/10909-15 તારીખઃ૧૫/૧૦/૨૦૨૪થી અંગ્રેજી વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા (1) Dr. Rohitkumar Pravinlal Bagthariya અને (2) Dr. Maunas Girishbhai Thaker એ ફિકસ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય તારીખઃ ૧૧/૭/૨૦૨૪ અને તારીખઃ ૯/૭/૨૦૨૪થી અંગ્રેજી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ સાતમા પગાર પંચ મુજબ નિયત કરવામાં આવેલ લેવલ-૧૦ એન્ટ્રી પે રૂા. ૫૭,૭૦૦/-માં સમાવેશ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરે તેમના પત્રાંકઃ કવટ/એજી-૧/૨૦૨૪/10916-20 તથા પત્રાંકઃ કવટ/એજી-૧/૨૦૨૪/10909-15 તારીખઃ૧૫/૧૦/૨૦૨૪થી અંગ્રેજી વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા (1) Dr. Rohitkumar Pravinlal Bagthariya અને (2) Dr. Maunas Girishbhai Thaker એ ફિકસ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય તારીખઃ ૧૧/૭/૨૦૨૪ અને તારીખઃ ૯/૭/૨૦૨૪થી અંગ્રેજી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ સાતમા પગાર પંચ મુજબ નિયત કરવામાં આવેલ લેવલ-૧૦ એન્ટ્રી પે રૂા. ૫૭,૭૦૦/-માં સમાવેશ કરવાની બાબત ગ્રાહય રાખવામાં આવી.**

## (સિન્ડિકેટ વિભાગ)

૧૨. શ્રી રાષ્ટ્રીય કેળવણી મંડળ, બોરસદદ્વારા સંચાલિત શ્રી આઇ. કે. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડીમાં વર્ષઃ૨૦૨૫-૨૬થી બેચરલ ઓફ રૂરલ સ્ટડિઝ (BRS) નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તારીખઃ ૨૪/૧૦/૨૦૨૪ના પત્રાંકનં: ૯૬/૨૦૨૪-૨૫થી કરેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ૧. શ્રી ઇશ્વરભાઇ ખો ચાવડા ગ્રામ વિદ્યાપીઠ કહાનવાડી તાઃ આકલાવમાં ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજમાં સ્નાતક કક્ષાનો (BRS) બેચરલ ઓફ રૂરલ સ્ટડિઝનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. તે હાલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સુરત ખાતે ચાલુ જોડાણ ધરાવે છે.

૨. શ્રી ઇશ્વરભાઇ ખો ચાવડા કહાનવાડીના તારીખઃ ૧૯/૦૪/૨૦૧૮ના પત્રાંકઃ૧૬/ ૨૦૧૮-૧૯માં (BRS) બેચરલ ઓફ રૂરલ સ્ટડિઝનો અભ્યાસક્રમ માટે આણંદ જીલ્લામાં આવતી હોવાથી તેઓએ અગાઉ યુનિવર્સિટીના નિયમ પ્રમાણે (૧) એપ્લીકેશન ફી રૂા.૨૫૦૦૦/- (૨) રજીસ્ટ્રેશન ફી રૂા.૨૫૦૦૦/-(૩) એફિલીએશન ફી રૂા.૩,૦૦,૦૦૦/- ભરીને કાર્યવાહી કરેલ છે. તેની સ્કુટીની કમિટી/ એલઆઇસી કમિટી કરવામાં આવી હતી ત્યાર બાદ એકેડેમિક કાઉન્સિલ અને સેનેટ સભામાં પણ મંજૂરી આપેલ હતી.

૩. શ્રી ઇશ્વરભાઇ ખો ચાવડા ગ્રામ વિદ્યાપીઠ કહાનવાડીમાં (BRS) બેચરલ ઓફ રૂરલ સ્ટડિઝનો અભ્યાસક્રમ ગ્રાન્ટ-ઇન-એઇડના ધોરણે ચાલુ વર્ષથી કરવા માટે આણંદ જીલ્લામાં આવતા કાર્યક્ષેત્રમાં આવતી હોવાથી નિયમોનુસાર જોડાણ આપવા ઉચ્ચ

શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્રક્રમાંક : કગટ/ગ્રા.વિ./જોડાણ/૨૦૧૯/૧૧૪૪-૪૫, તાઃ ૨૭/૦૬/૨૦૧૯થી ભલામણ કરવામાં આવી હતી.

૪. બેચરલ ઓફ રૂરલ સ્ટડિઝ (BRS) સ્નાતક કક્ષાનો આવો અભ્યાસક્રમ આપની યુનિવર્સિટીમાં ચલાવવામાં આવતો નથી, તે અભ્યાસક્રમ કઈ ફેકલ્ટીમાં આવે તે નક્કી કરીને વર્ષઃ ૨૦૨૫-૨૦૨૬થી જરૂરી કાર્યવાહી કરી શકાય.)

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રાષ્ટ્રીય કેળવણી મંડળ, બોરસદદ્વારા સંચાલિત બેચરલ ઓફ રૂરલ સ્ટડિઝ અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ આપવું તેમજ બેચરલ ઓફ રૂરલ સ્ટડિઝ (BRS) અભ્યાસક્રમ આર્ટસ ફેકલ્ટીમાં સમાવેશ કરીને વર્ષઃ ૨૦૨૫-૨૦૨૬થી નવા જોડાણની જરૂરી કાર્યવાહી કરવી.**

**(આર.ડી.સી.)**

**૧૩.** Regarding the approval of the guidelines/policy rules for financial assistance under Category 1 (for organizing conferences, workshops, seminars, symposia and similar programs/activities (National/International) in India), as approved by the Honourable Vice-Chancellor on 22/11/2024. **(બિડાણઃ ૯)**

**આથી ઠરાવવામાં આવે છે કે guidelines/policy rules for financial assistance under Category 1 (for organizing conferences, workshops, seminars, symposia and similar programs/activities (National/International) in India), ગ્રાહ્ય રાખવામાં આવ્યા.**

**(જનરલ વિભાગ)**

**૧૪.** Gujarat Biotechnology Research Centre (GBRC), Ggandhinagar **અને** Department of Applied and Interdisciplinary Sciences, Sardar Patel University, (DAIS, SPU) Vallabha Vidyanagar **વચ્ચે થયેલ** Memorandum of Understanding (MOU) **ની નોંધ** લેવા બાબત. **(બિડાણઃ૧૦)**

**આથી ઠરાવવામાં આવે છે કે Gujarat Biotechnology Research Centre (GBRC), Ggandhinagar અને Department of Applied and Interdisciplinary Sciences, Sardar Patel University, (DAIS, SPU) Vallabha Vidyanagar વચ્ચે થયેલ Memorandum of Understanding (MOU) ની નોંધ લીધી.**

**(પરીક્ષા વિભાગ )**

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યની માહિતી :**(મંજૂરી આપ્યા તારીખ : ૨૨/૧૧/૨૦૨૪) (પરીક્ષા વિભાગ)

૧૫. આગામી-૨૦૨૪ના ડિસેમ્બરમાં યોજાનાર ૬૭મો વાર્ષિક પદવીદાન સમારંભ સમયે પદવીદાન સમારંભમાં ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થીઓ ખાદીને પ્રોત્સાહન મળે માટે ખાદીના પોષાકમાં હાજરી આપશે તેવું નક્કી કરવામાં આવ્યું છે. તેમજ દેશની આઝાદીને ૭૫ વર્ષ પુર્ણ થયેલ હોઈ, તેમજ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીને સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા "**સરદાર સાગાઃ સરદાર ૧૫૦**" હેઠળ ઉજવવામાં આવનાર હોઈ ચાલુ વર્ષે પદવીદાન સમારંભમાં તમામ ગોલ્ડ

મેડલ/ગોલ્ડ પ્લેટેડ મેડલ મેળવનાર વિદ્યાર્થીઓને નીચે મુજબનું વિદ્યાર્થી માટેનું કાપડ વિના મુલ્યે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વિતરણ કરવાનું કુલપતિશ્રી દ્વારા મંજૂર કરી પરીપત્ર કર્યાના...

૧. વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે ટોપ/ઝભ્ભો (૩મીટર)
૨. વિદ્યાર્થી/વિદ્યાર્થિની માટે લેંઘો(૨.૫ મીટર)

- ચાલુ વર્ષે ગોલ્ડ મેડલના વિદ્યાર્થીઓને આપવા માટે ખાદી સેટ નંગ ૭૪ આપવાની જરૂરીયાત છે. જેની કિંમત સેટ દિઠ રૂા.૯૫૦/-માં ખરીદ કરવામાં આવશે. જેનો અંદાજીત ખર્ચ રૂ.૭૦,૦૦૦/- થનાર છે.
- ઉપરોક્ત ખાદીના કાપડની ખરીદી કર્યાનું બિલ બજેટ કોડ : ૫૦૯૬૨ કોન્વોકેશન એક્સપેન્સીસ સદરે થી **ક્લોથ કોન્વોકેશન બજેટ કોડ નંબર : ૩૦૮૯૫** ખાતે જમાં લઇને તેમાંથી ચુકવણી કરવામાં આવશે.
- ઉપરોક્ત કાપડમાંથી દરેક વિદ્યાર્થીઓએ ખાદીનો ઝભ્ભો, સ્ટેન પટ્ટી કોલર તથા લાંબી સ્લીવ (લાંબી બાહી) સાથેનો બનાવવાનો રહેશે તથા તેની સિલાઇ અંગેનો ખર્ચ જે તે વિદ્યાર્થીએ ભોગવવાનો રહેશે.
- ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થી મિત્રોએ ૧૫ ડીસેમ્બર, ૨૦૨૪ના રોજ ફરજીયાત ખાદીના પોષાકમાં આવવાનું રહેશે.
- ખાદીના કાપડના સેટ ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થી મિત્રોને તારીખ : ૨૫/૧૧/૨૦૨૪ થી તારીખ : ૩૦/૧૧/૨૦૨૪ સુધીમાં સ્ટોર વિભાગમાંથી વિનામૂલ્યે મેળવી લેવા તથા ૧૫ ડીસેમ્બર, ૨૦૨૪ના રોજ ફરજીયાત ખાદીના પોષાકમાં આવવા માટેનો જરૂરી પરિપત્ર કરવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવામાં આવી.**

## (પરીક્ષા વિભાગ)

૧૬. ડૉ. પ્રોફેસર શિવાની મિશ્રા તરફથી માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (એચ. આર.) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામા **WHO OBTAINS THE HIGHEST PERCENTAGE OF MARKS IN ALL FOUR SEMESTERS TAKEN TOGETHER IN AN EXTERNAL THEORY EXAMINATION ONLY, AMONG STUDENTS WHO PASS ALL FOUR SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF MSW(HR).** મુજબ ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને **"KIRAN DINESHCHANDRA MISHRA GOLD MEDAL"** યુનિવર્સિટીના આગામી યોજાનાર પદવીદાન સમારંભથી એનાયત કરવા માટે કુલ રૂા. ૫,૦૦,૦૦૦/-નું દાન સ્વીકારવા અંગે મળેલી દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત..

(નોંધઃ ૧) ઉપરોકત સુવર્ણચંદ્રકનું નામ "**KIRAN DINESHCHANDRA MISHRA GOLD MEDAL**" રહેશે.

૨) દાનની રકમને શેડયુલ બેંકમાં બાંધી મુદત થાપણમાં રોકાણ કરી તેમાંથી મળનાર વ્યાજની રકમમાંથી સુવર્ણચંદ્રક એનાયત કરવાનો રહેશે.

૩) સદર Master of Social Work(HR) પરીક્ષા માટેનો ગોલ્ડ મેડલ છે.

૪) ઉપરોકત દર્શાવેલ ગોલ્ડ મેડલની શરત નીચે મુજબની રહેશે.

**WHO OBTAINS THE HIGHEST PERCENTAGE OF MARKS IN ALL FOUR SEMESTERS TAKEN TOGETHER IN AN EXTERNAL THEORY EXAMINATION ONLY, AMONG**

**STUDENTS WHO PASS ALL FOUR SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF MSW(HR).**

૫) આ સુવર્ણચંદ્રકોના દાનની રકમ રૂા. ૫,૦૦,૦૦૦/- તારીખઃ ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ રસીદ નં. 0024741 થી યુનિવર્સિટીમાં જમા કરાવેલ છે.

૬) આ ગોલ્ડ મેડલ ડિસેમ્બર-૨૦૨૫ ના પદવીદાન સમારંભથી એનાયત કરવામાં આવશે.

૭) યુનિવર્સિટીને દાનની રકમ હાલ સપ્ટેમ્બર માસમા પ્રાપ્ત થઇ છે અને નિયમ મુજબ દાનની રકમના વ્યાજમાથી ગોલ્ડ મેડલ આપવામાં આવતો હોવાથી ડિસેમ્બર-૨૦૨૪માં ગોલ્ડ મેડલ આપવો શક્ય નથી.

૮) પરંતુ સદર ગોલ્ડ મેડલના દાતાશ્રી દ્વારા જણાવેલ છે કે તેઓની ઈચ્છા સદર ગોલ્ડ મેડલ ડિસેમ્બર-૨૦૨૪ના પદવીદાનથી આપવાની છે અને ડિસેમ્બર-૨૦૨૪માટે ગોલ્ડ મેડલ માટેનો થનાર ખાર્ચ તેઓ અલગથી આપવા તૈયાર છે.

૯) જેથી જ્યારે યુનિવર્સિટી ગોલ્ડ મેડલ માટેની ટેન્ડરની પ્રક્રીયા હાથ ધરે અને એક ગોલ્ડ મેડલ બનાવવા માટેની જે કિંમત થશે તેટલી રકમ દાતાશ્રીને પત્ર દ્વારા જાણ કર્યેથી દાતાશ્રી દ્વારા અલગથી જમાં કરાવવામાં આવશે.

**૧૦) તારીખ : ૨૦/૧૦/૨૦૧૮ ની સિન્ડીકેટ સભાના ઠરાવ ક્રમાંક ૮ માં ઠરાવવામા આવેલ છે કે ભવિષ્યમા સુવર્ણચંદ્રક એનાયત કરવા માંગતા હોય તો તે અંગેની શરતો યુનિવર્સિટી નક્કી કરશે)**

**આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પ્રોફેસર શિવાની મિશ્રા તરફથી માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (એચ. આર.) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામા WHO OBTAINS THE HIGHEST PERCENTAGE OF MARKS IN ALL FOUR SEMESTERS TAKEN TOGETHER IN AN EXTERNAL THEORY EXAMINATION ONLY, AMONG STUDENTS WHO PASS ALL FOUR SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF MSW(HR). મુજબ ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને "KIRAN DINESHCHANDRA MISHRA GOLD MEDAL" યુનિવર્સિટીના આગામી યોજાનાર પદવીદાન સમારંભથી એનાયત કરવા માટે કુલ રૂા. ૫,૦૦,૦૦૦/-નું દાન સ્વીકારવું અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

**(પરીક્ષા વિભાગ)**

૧૭. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૪ તારીખ : ૦૧/૦૮/૨૦૨૪ ના રોજ થી અમલમાં આવેલ છે. આ પ્રમાણે યુનિવર્સિટીનાં ૬૭માં પદવીદાન સમારંભ વિદ્યાર્થીઓ એનાયત કરવામાં આવનાર આશરે ૧૬,૨૧૮ જેટલી ડિગ્રી એકેડેમીક કાઉન્સીલ અને ત્યારબાદ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરાવી પછી તે વિદ્યાર્થીઓને એનાયત કરવાની થાય.

હાલમાં એકેડેમીક કાઉન્સીલની રચના થયેલ ન હોઈ ઉપરોક્ત બાબત એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં મંજૂરી અર્થે રજૂ.

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૪ તારીખ : ૦૧/૦૮/૨૦૨૪ ના રોજ થી અમલમાં આવેલ છે. આ પ્રમાણે યુનિવર્સિટીનાં ૬૭માં પદવીદાન સમારંભ વિદ્યાર્થીઓ એનાયત કરવામાં આવનાર આશરે ૧૬,૨૧૮ જેટલી ડિગ્રી વિદ્યાર્થીઓને એનાયત કરવાની બાબત ગ્રાહ્ય રાખવામાં આવી.**

## (પરીક્ષા વિભાગ)

૧૮. ડૉ. મહેશ પાઠક, "મંગલમ"૭, ગાયત્રીનગર સોસાયટી, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ તરફથી માસ્ટર ઓફ આર્ટસ (ઇકોનોમિક્સ) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામાં **WHO OBTAINED THE HIGHEST MARKS IN ALL FOUR SEMESTERS TAKEN TOGETHER IN AN EXTERNAL EXAMINATION ONLY, AMONG STUDENTS WHO PASS ALL FOUR SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF MASTER OF ARTS(ECONOMICS)** મુજબ ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને **"DR. MAHESH PATHAK GOLD MEDAL"** યુનિવર્સિટીના આગામી યોજાનાર પદવીદાન સમારંભથી એનાયત કરવા માટે કુલ રૂા. ૫,૦૦,૦૦૦/-નું દાન સ્વીકારવા અંગે મળેલી દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત..

(નોંધઃ૧) ઉપરોકત સુવર્ણચંદ્રકનું નામ "**DR. MAHESH PATHAK GOLD MEDAL**" રહેશે.

૨) દાનની રકમને શેડ્યુલ બેંકમાં બાંધી મુદત થાપણમાં રોકાણ કરી તેમાંથી મળનાર વ્યાજની રકમમાંથી સુવર્ણચંદ્રક એનાયત કરવાનો રહેશે.

૩) સદર Master of Arts(Economics) પરીક્ષા માટેનો ગોલ્ડ મેડલ છે.

૪) ઉપરોકત દર્શાવેલ ગોલ્ડ મેડલની શરત નીચે મુજબની રહેશે.

**WHO OBTAINED THE HIGHEST MARKS IN ALL FOUR SEMESTERS TAKEN TOGETHER IN AN EXTERNAL EXAMINATION ONLY, AMONG STUDENTS WHO PASS ALL FOUR SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF MASTER OF ARTS(ECONOMICS).**

૫) આ સુવર્ણચંદ્રકોના દાનની રકમ રૂા. ૫,૦૦,૦૦૦/- તારીખઃ ૧૯/૧૨/૨૦૨૪ ના રોજ રસીદ નં. 0033662 થી યુનિવર્સિટીમાં જમા કરાવેલ છે.

૬) આ ગોલ્ડ મેડલ ડિસેમ્બર-૨૦૨૫ ના પદવીદાન સમારંભથી એનાયત કરવામાં આવશે.

૭) યુનિવર્સિટીને દાનની રકમ હાલ ડિસેમ્બર માસમાં પ્રાપ્ત થઇ છે અને નિયમ મુજબ દાનની રકમના વ્યાજમાથી ગોલ્ડ મેડલ આપવામાં આવતો હોવાથી ડિસેમ્બર-૨૦૨૪માં ગોલ્ડ મેડલ આપવો શક્ય નથી.

૮) પરંતુ સદર ગોલ્ડ મેડલના દાતાશ્રી દ્વારા જણાવેલ છે કે તેઓની ઇચ્છા સદર ગોલ્ડ મેડલ ડિસેમ્બર-૨૦૨૪ના પદવીદાન સમારંભથી આપવાની છે અને ડિસેમ્બર-૨૦૨૪માટે ગોલ્ડ મેડલ માટેનો થનાર અંદાજીગ ખર્ચ રૂ.૨૨,૫૦૦/- જે તેઓ દ્વારા અલગથી ચેક નંબર : ૦૦૦૪૦૦ તારીખ : ૧૮/૧૨/૨૦૨૪નો બેન્ક ઓફ બરોડાનો અલગથી આપેલ છે.

૯) ઉપરોક્ત રૂ.૨૨,૫૦૦/-ના ચેક અંગે હિસાબ વિભાગ દ્વારા અલગથી કોડ બનાવી તેમા જમાં કરી ખર્ચ કરવાનો રહેશે.

**૧૦) તારીખ : ૨૦/૧૦/૨૦૧૮ ની સિન્ડીકેટ સભાના ઠરાવ ક્રમાંક ૮ માં ઠરાવવામાં આવેલ છે કે ભવિષ્યમા સુવર્ણચંદ્રક એનાયત કરવા માંગતા હોય તો તે અંગેની શરતો યુનિવર્સિટી નક્કી કરશે)**

**આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. મહેશ પાઠક, તરફથી માસ્ટર ઓફ આર્ટસ (ઇકોનોમિક્સ) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામાં WHO OBTAINED THE HIGHEST MARKS IN ALL FOUR SEMESTERS TAKEN TOGETHER IN AN EXTERNAL EXAMINATION ONLY, AMONG STUDENTS WHO PASS ALL FOUR SEMESTERS ON THE FIRST ATTEMPT IN THE SUBJECT OF MASTER OF RTS (ECONOMICS) મુજબ ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને "DR. MAHESH PATHAK GOLD MEDAL" યુનિવર્સિટીના આગામી યોજાનાર પદવીદાન સમારંભથી એનાયત કરવા માટે કુલ રૂા. ૫,૦૦,૦૦૦/-નું દાન સ્વીકારવું અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

## (પરીક્ષા વિભાગ)

૧૯. તારીખ : ૦૩/૧૨/૨૦૨૪ની ઓફીસ નોંધમા જણાવ્યા મુજબ સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૭મો પદવીદાન સમારંભ તારીખ : ૧૫/૧૨/૨૦૨૪ના રોજ યોજાનાર છે. જેમાં ઘણા મહાનુભાવો તથા યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલ વિવિધ ફેકલ્ટીના ગોલ્ડ મેડાલીસ્ટ તથા અન્ય વિદ્યાર્થીઓ હાજરી આપનાર છે. સદર પ્રસંગમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એકઝીક્યુટીવ કાઉન્સીલનાં સભ્યશ્રીઓ હાજરી આપનાર છે. હાલમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી ઉજવાઇ રહેલ હોઇ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એકઝીક્યુટીવ કાઉન્સીલનાં સભ્યશ્રીઓને સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી કોટી (ઝભ્ભા ઉપર પહેરવામાં આવતું વસ્ત્ર) ભેટ સ્વરૂપે આપવા માટે આપના યોગ્યતે આદેશાર્થે સાદર રજૂ..

- ઉપરોક્ત કોટી (ઝભ્ભા ઉપર પહેરવામાં આવતું વસ્ત્ર) ૦૧ નંગનો અંદાજીત ખર્ચ રૂપિયા ૧૮૦૦/- જેટલો થાય તેમ છે. જે આપની જાણ સારૂ.
- ઉપરોક્ત કોટી (ઝભ્ભા ઉપર પહેરવામાં આવતું વસ્ત્ર) ૦૧ નંગનો થનાર ખર્ચ જે એકાઉન્ટ બજેટ કોડ : ૫૦૯૬૨ કોન્વોકેશન એક્ષપેન્સીસ સદરેથી કરવામાં આવશે.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના ૬૭ મા પદવીદાન સમારંભમાં જે મહાનુભાવો તથા યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલ વિવિધ ફેકલ્ટીના ગોલ્ડ મેડાલીસ્ટ તથા અન્ય વિદ્યાર્થીઓ હાજરી આપનાર છે. સદર પ્રસંગમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એગ્ઝીક્યુટીવ કાઉન્સીલનાં સભ્યશ્રીઓ હાજરી આપનાર છે. હાલમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી ઉજવાઇ રહેલ હોઇ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એગ્ઝીક્યુટીવ કાઉન્સીલનાં સભ્યશ્રીઓને સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી કોટી (ઝભ્ભા ઉપર પહેરવામાં આવતું વસ્ત્ર) ભેટ સ્વરૂપે આપવાની બાબત ગ્રાહ્ય રાખવામાં આવે છે.**

## (એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. સેલ)

૨૦. સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે Parameters for Assessment of Accessibility in HEIs as laid down by U.G.C., અંતર્ગત Need Assessment Board (NAB)ની રચના કરવામાં આવેલ છે. જેમાં કુલપતિશ્રી દ્વારા નીચે મુજબના સભ્યોની નિમણુંક કરવામાં આવેલ છે.

(૧) કુલપતિશ્રી (અધ્યક્ષ)

(૨) I.Q.A.C.ના પ્રતિનિધિ - ડૉ. કીરીટ લાડ પ્રોફેસર અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ

(૩) U.G.C. 1.1(1.1.3) **ના અનુસંધાનમાં**

(1) (Dean) - **ડૉ. દર્શનાબેન દવે પ્રોફેસર એમ.બી.એ વિભાગ**

(2) Senior Faculty - **ડૉ. યજ્ઞેશ દલવાડી વડાશ્રી બિઝનેસ સ્ટડિઝ વિભાગ**

(3) Expert from the Field of Disability **-ડૉ.અજીતકુમાર** (CRC, Ahmedabad)

(4) Student with reserve disabilities **- શ્રી માવજીભાઇ (પ્રતિનિધિ) અનુ. ગુજરાતી વિભાગ**

(5) **ડૉ. દિલિપભાઇ શર્મા, આસી. પોફેસર સ્પેશીયલ બી.એડ. વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી**

(6) **ડૉ. સુરેશભાઇ મછાર, અનુ. બીઝનેશ સ્ટડીઝ, વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી.**

(7) **નાયબ કુલસચિવ, સ્કોલશીપ/એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. સેલ**

Need Assessment Board (NAB) **ની એક મીટીંગ તા. ૧૮/૧૨/૨૦૨૪ના રોજ સાયકોલોજી વિભાગ, માનવવિદ્યા ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે મળેલ હતી જેની કાર્યનોંધ આ સાથે બિડાણથી સામેલ છે.**

**ઉપરોક્ત** Need Assessment Board (NAB)**ની સમિતિ તથા કાર્યનોંધને મંજુરી આપવા રજૂ.)**

**આથી ઠરાવવામાં આવે છે કે Parameters for Assessment of Accessibility in HEIs as laid down by U.G.C., અંતર્ગત Need Assessment Board (NAB)ની રચના કરવામાં આવેલ છે. જેમાં કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ નિમણૂંક ગાહ્ય રાખવામાં આવી.**

**(જનરલ વિભાગ)**

**૨૧. એમ.એડ. અને બી.એડ. સ્પેશીયલ એજ્યુકેશન,ના કો-ઓર્ડીનેટરશ્રીના તા. ૨૮/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંક :** SPU/MBPCE/Spl./Ed./409 **થી સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે દિવ્યાંગજનના સશક્તિકરણ અને પુનર્વસન માટે સશક્તિકરણ કેન્દ્ર બાબતે સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે** "SAKSHAM" Centre for Empowerment & Rehabilitation of "Divyaanjan" **સ્થાપના કરવા માટે દરખાસ્ત કરેલ છે.**

**(નોંધ : ૧ જે અંગેની બેઠક મા. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં કુલપતિશ્રી કાર્યાલયમાં તા. ૨૬/૧૧/૨૦૨૪ના રોજ મળેલ હતી. જેમાં કુલપતિશ્રી, ડાઁ. સમીર જે. પટેલ, ડૉ. અજીત કુમાર, ડાયરેક્ટર, સી.આર.સી., અમદાવાદ અને ડૉ. દિલીપ શર્મા ઉપસ્થિત રહેલ હતા. કાર્યનોંધ તેમજ પ્રપોઝલ આ સાથે સામેલ છે.**

**૨. તેઓ પત્રમાં જણાવે છે કે રાષ્ટ્રિય શિક્ષણ નીતિ (NEP) 2020 માં ઉચ્ચ શિક્ષણમાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ઘણી જોગવાઇઓ સામેલ છે. વિકલાંગ વ્યક્તિઓના અધિકારો (RPWD) અધિનિયમ ૨૦૧૬, જેમાં વિકલાંગતા ધરાવતા અને વિનાના વિદ્યાર્થીઓ એકસાથે શીખે છે અને શીખવવાની અને શીખવાની પ્રણાલી વિવિધ પ્રકારના વિકલાંગ વિદ્યાર્થીઓની શીખવવાની જરૂરીયાતોને પહોચી વળવા માટે યોગ્ય રીતે સ્વીકારવામાં આવે છે અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે તેની તમામ ભલામણોને સમર્થન આપે છે.**

**૩. "SAKSHAM" કેન્દ્ર ગુજરાત રાજ્ય અને નજીકના રાજ્યોમાં પ્રથમ કેન્દ્ર હશે જે યુનિવર્સિટી કેમ્પસમાં ચલાવવામાં આવશે. જેના ચેરપર્સન તરીકે મા. કુલપતિશ્રી રહેશે.**

**"SAKSHAM" કેન્દ્ર ચલાવવા માટે બજેટ નીચે મુજબનું છે.**

**Budget for Non-recurring expenditure (one Time)**

| Sr. No. | Budget Heads | Rs. |
|---|---|---|
| 1 | Infrastucture Renovation | 2,50,000/- |
| 2 | Furniture | 2,50,000/- |
| 3 | Equipment & | 3,50,000/- |
| 4 | Testing Material | 1,50,000/- |
| 5 | Teaching Material | 1,50,000/- |
| | Total | 11,50,000/- |

**Budget for recurring Expenditure (Per Month)**

| Sr. No. | Budget Heads | Rs. |
|---|---|---|
| 1 | Salary | 3,00,000/- |
| 2 | Contingency | 15,000/- |
| | Total | 3,15,000/- |

"SAKSHAM" કેન્દ્રની આગળની તમામ કાર્યવાહી અનુસ્નાતક સાયકોલોજી વિભાગ દ્વારા કરવાની રહેશે.

ઉપરોક્ત "SAKSHAM" કેન્દ્રને મંજુરી અર્થે તેમજ તેમાં થનાર ખર્ચ ક્યા સદરેથી મેળવવો તે અંગેની ચર્ચા કરવાની રહે.)

**આથી ઠરાવવામાં આવે છે કે 'સક્ષમ' કેન્દ્રની તમામ કાર્યવાહી અનુસ્નાતક સાયકોલોજી વિભાગ દ્વારા કરવી અને સેન્ટરના ડાયરેક્ટર તરીકે ડૉ. સમીર પટેલ પ્રોફેસર સાયકોલોજી ડિપાર્ટમેન્ટની નિમણૂંક કરવી.**

**<u>અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત.</u>**

**યુનિવર્સિટીના એડહોક કર્મચારીઓ(નોન-ટીચીંગ) માટે શ્રી કૃષ્ણ હોસ્પિટલની 'આર્શીવાદ' યોજનાનો લાભ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.**

કુલસચિવ

નંબરઃ કે.૧/ ૫૭૫૨
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૪/૧૨/૨૦૨૪

પ્રતિ,
એક્ઝીક્યુટીવ કાઉન્સિલ ના સર્વે સભ્યશ્રીઓ જોગ.